# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




છે એ 'રામ' ના હનુમાન, કૂદે ડાળે ડાળે છે!
નાખે 'તણખો' જયા જયા 'દસ ટકા' ઘાસ બાળે છે
કરે છે લગાણાં, બાળે દેશને લંકા સમજી!!
નાખે 'અમિત' નજર સંઘનાં બીબાં ઢાળે છે..

બ્હેન ને ઘેર
- હવે પીરસે મામા!
ભાણાં વાઇબ્રન્ટ..
(સાહેબ, હાજર રે'સે)

મેઘો મેમાન!
એક તો આવ્યો મોડો -
કબ જાઓગે?!
(જવાનું નામ લેતો નથી)




## ચિંતન

**વિદ્યાભ્યાસો વિચારશ્ચ સમયોરેવ શોભતે । વિવાહશ્ચ વિવાદશ્ચ સમયોરેવ શોભતે ॥**

કોઇ પણ વિદ્યા સંબંધી અભ્યાસ કે વિચાર એ સમાન યોગ્યતાવાળા માણસોની વચ્ચે જ શોભે છે એવી જ રીતે વિવાહ-સંબંધ-કે વાદવિવાદ-ઝગડો પણ સરખેસરખા (સ્વભાવ-જ્ઞાન-સ્તર-બૌદ્ધિક) ના જ શોભે છે.

કોઇ પણ બાબત હોય, મિત્રાચારી કે લગ્નસંબંધી એમાં સમાન સ્તર હોય નાત-જાત, સંસ્કાર, ધન-સંપત્તિ, સામાજિક સ્તર-બુદ્ધિ વગેરેમાં સમાન સ્તર હોય તો એકમેકનો વિચાર કરી શકે છે સમજી શકે છે; અને એકમેક સાથે અનુકૂલન પણ સાધી શકે છે.

વળી સમાન કક્ષાની વિચારસરણી હોય તો દુશ્મનાવટ કે મૈત્રીમાં પણ બંને પક્ષ અંતિમ-પરાકાષ્ટાએ કયાં સુધી જશે કે નહીં જાય એની પણ ખાતરી હોય છે.

આજકાલ ઘરમાં કજીયા કંકાસ-લગ્નવિચ્છેદ-ભાગીદારીમાં અસંતોષ-જેવા બનાવ બને છે. એમાં મુખ્ય કારણ અસમાનતા છે એ ભલે પછી સંસ્કાર-સંપત્તિ કે બૌધિકસ્તરની હોઇ શકે છે. પ્રાચીન સમયમાં માટે જ પેઢી દર પેઢીથી ચાલ્યા આવતા સંબંધોને સાચવીને વ્યવહાર બંધાતા હતા..

## સુવિચાર

- હૃદયમાં દુ:ખ, વિષાદ, ચારે તરફથી ઘેરી વળ્યા હોય, આશા અને હિંમત લગભગ નાશ પામ્યા હોય તે વખતે અંદર રહેલો 'બ્રહ્મનો પ્રકાશ' અજવાસ પાથરે છે **- વિવેકાનંદ**
- આપણે લાગણીવાળા હૃદયની, વિચારશીલ મગજની અને કામ કરે તેવા સશક્ત હાથની જરૂર છે **- એસ. ભટ્ટાચાર્ય**
- દરેક વ્યક્તિને દરેક પ્રજાને મહાન બનાવવા માટે ત્રણ મુદ્દા આવશ્યક છે (અ) શુભશક્તિ વિશેની સંપૂર્ણ ખાતરી, (બ) ઇર્ષ્યા કે આશંકાનો અભાવ, (ક) જે લોકો સારા થવા કે સારૂં કરવા પ્રયત્ન કરતા હોય તેમને મદદ કરવી **- ફેસબુક**
- જે માણસ પાસે ફક્ત પૈસા છે તે માણસ કરતાં વધારે ગરીબ દુનિયામાં કોઇ જ નથી **- ધર્મસૂત્ર**
- બીજા કોઇ પણ સદ્‌ગુણ કરતાં બીજાને શાંતિથી સાંભળવાનો ગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે **- મુનિ ભાનુચંદ્રજી**
- મને મારી ભાષા ગમે છે, કારણ કે મને મારી બા ગમે છે **- ગુણવંત શાહ**
- તર્કનું સત્ય નહીં પણ આત્માના મનોમંથનમાંથી જન્મેલું સત્ય જ પૂર્ણ સત્ય છે **- અનામી**
- તમારી કોઇ નિંદા કરે તો સહન કરજો.. તમારાં પાપ નિંદકને લાગશે અને તેના પુણ્ય તમને મળશે **- કબીર**

**(સંકલન : દીપક વી. આસારા)**

## બોધ કથા

આપણે કામ કરનારા રામા, શાકભાજીવાળા કે ફેરિયા-આડોશ-પડોશ સાથે, મિત્રો-સંબંધીઓ સાથે નકામી વાતો-ખોટી ચર્ચા કે ફોન પર લાંબીલચ વાતો કરી ખૂબ જ સમયનો વેડફાટ કરીએ છીએ જો આપણે ધારીએ અને આપણી પાસે કોઇ સારાં કામ કરવાનો વિકલ્પ હોય તો સમય ઘણો મળી રહે છે..

એક પુસ્તકની દૂકાને ગલ્લા પર બેઠેલો યુવાન એક પુસ્તક વાંચવામાં મશગૂલ હતો. ત્યાં એક ગ્રાહક આવ્યો અને એક પુસ્તક ખરીદ્યું - કિંમત છાપેલી જ હતી છતાં પુછ્યું - આનું શું આપવાનું છે?

ગલ્લે બેઠેલા યુવાને કહ્યું - કિંમત અંદર લખેલી જ છે તે જ આપવાની છે - એક ડોલર..

ગ્રાહક - પણ... કંઇ કમીશન કે ઓછું થશે?

યુવાન કહે - હવે બે ડોલર

ગ્રાહક - કેમ? મારે આ પુસ્તક જરૂરથી ખરીદવું જ છે પણ કંઇક વાજબી કરો તો સારું!!

યુવાન કહે - તમે સમયની કિંમત નથી જાણતા એટલે હવે ત્રણ ડોલર આપશો તો જ આ પુસ્તક આપીશ.

ગ્રાહકે આખરે ત્રણ ડોલર ચૂકવ્યા.

આ યુવાન પછીથી અમેરિકાના પ્રમુખ બેન્જામીન ફ્રેંકલીન તરીકે ઓળખાયા - જીંદગીભર સમયપાલન એમનો સિદ્ધાંત રહ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ફાઇન ટ્યુનિંગ..!! સંબંધની મહેફીલ સજાવવાં સમજદારીનું બટન..!!

## પ્રેમ એટલે શું? સમજો તો 'ભાવના' છે, કરો તો 'મશ્કરી' છે, રમો તો 'ખેલ' છે, રાખો તો 'વિશ્વાસ', લો તો 'શ્વાસ', રચો તો 'સંસાર' અને નિભાવો તો 'જીવન' છે

'બને શું વાત કરું, છેલ્લા ત્રણ વર્ષથી બધાં પ્રકારનાં પ્રયત્નો કરી જોયા. અનેક સમાધાન કર્યાં. પછી હવે હું થાકીને હારી ગયો છું.' વિનયે વિનયપૂર્વક વાત કરી. નતમસ્તક થઈ ભરેલી આંખો સાથોની એની અબોલ શાંતતા ઘણું કહી જતી હતી. એની વાતમાં સત્યતા ડોકાતી હતી. પણ આવી ઘટનામાં એટલું સાચું માનીને ચાલતું નથી. કોઈ પણ વ્યક્તિ ઈચ્છાથી પોતાનો સંસાર તોડવાનું પસંદ કરતો નથી. એના પાછળ અનેક કારણો હોય છે. કારણ માણસ કયારેક છેલ્લા શ્વાસ સુધી પોતાની જાત સાથે પણ વાત કરતો નથી તો દુનિયાને તો શું કહેશે?

બહારના વિશ્વને જે ઉપરછલ્લું એકદમ 'સરસ-સરસ' દેખાતું હોય છે એના પાછળ ખૂબ ઊંડે માનવીના મનના અસંખ્ય ગુઢ ગૂંચળાં રહેલાં હોય છે. પ્રત્યેકના જીવવામાં આગળનાં સંસ્કારનો સંદર્ભ હોય છે. એટલે સામેની વ્યક્તિ ભીની આંખે કંઈક કહે છે એ જ સાચું એવું માનીને ચાલતું નથી અને છતાંય કહેનારાનું પ્રામાણિકપણું છૂપાઈને રહેતું નથી. વિનય માટે આ ક્ષણે એટલું અવશ્ય લાગતું હતું કે એ એનું લગ્નજીવન ટકાવવા પ્રયત્નશીલ છે. પણ કેમેય કરી એનાં સંસારની ગાડી પાટે ચઢતી નથી. એટલું માત્ર સાચું.




કેટલીક ક્ષણો એમ જ શાંત થઈ. એનાં હૃદયમાં ધરબાયેલી વાતો એટલાં સમયમાં એનાં મોં સુધી આવી ચૂકી હતી... એ હજું પણ કંઈક કહેવા ઈચ્છતો હતો. દેવીબેન બોલ્યાં, 'બોલ, ઊભરો કાઢી નાંખ. ઘણીવાર વિશ્વાસથી મન સંપૂર્ણ ખાલી કરી નાંખીએ તો એકાદો રસ્તો સુઝતો હોય છે. એક વાત કરે, શરૂઆતનાં થોડા દિવસો બાદ માનસિક આકર્ષણ, પ્રેમ એકબીજાને થાય એવું કંઈક તમારાં વચ્ચે નિર્માણ થયું કે નહી?'



'સાચ્ચે તો ના જ થયું. એટલે તમને એક શબ્દ કહું? અમારું ટ્યુનિંગ ના થયું. હું કયાં અધુરો પડ્યો એને સમજી લેવામાં ખબર નથી પડતી : પણ અમારું ટ્યુનિંગ થઇ શકશે જ નહીં?'

'ટ્યુનિંગ...' વિનયે એકદમ અજાણતાં જ અચૂક શબ્દ વાપર્યો હતો. એકાદી વ્યક્તિ સારે 'સૂર' ન મળે એટલે એ વ્યક્તિમાં કોઈ મોટો દોષ હોય એવું નહીં, પણ અનેક લોકો દિવસ, મહિના, વર્ષ સુધી જિંદગી ખેંચી ચલાવે રાખે, પણ જન્મભર 'ટ્યુનિંગ' નથી જામતું. એકાદી મહેફીલમાં એકાદી તાન, હરકત, જેમ છુટી જાય એમ એવી કવચિત ક્ષણ આવે એવું નહીં, પણ 'ભૈરવી' ના ક્ષણે ખબર પડે કે મહેફિલ જામી નહીં. શ્રોતાઓ એકબીજા સાથે ચર્ચા કરે. ગાયક ગ્રેટ હતો પણ આજે સૂર લાગ્યો નહીં. કોઈક એવું કહે, 'કાયમનો તબલચી નહોતો. એ હોય એટલે ભાઈસાહેબ ખીલી ઊઠે.'

મહેફીલ ગીતોની હોય કે લગ્ન જીવનની, એ ઘરના બંને જણાનું 'ટ્યુનિંગ' જામ્યું તો આખું ઘર એમનાં સુરોની ચમક અનુભવે. કયારેક થનારાં વાદ-વિવાદનું વિસર્જન પણ સંવાદમાં જ થાય. રિસાવા - મનાવવાની ઈટ્ટા-કિટ્ટા પણ રેશમી સંબંધમાં બંધાય. આ બધામાં પ્રેમ વધુ પાક્કો બનતો જાય. પણ 'ટ્યુનિંગ' તો જામવું જ જોઈએ. કયારેક ટ્યુનિંગ આપોઆપ થઈ જાય છે, કયારેક અનુભવના નિચોડમાંથી સમજણ આવતાં થઈ જાય છે, તો કયારેક અમુક સમુપદેશથી પણ થાય છે... પણ અમુક વખતે ટ્યુનિંગ નથી થતું તે નથી જ થતું!!

વિનયની તકરાર કંઈ નવી નહોતી. કયારેક એની વાતમાંથી વિપરીત બાજુ પણ જાણવા મળી. એનું કહેવું હતું કે, 'વિણાને મેં એકદમ જીવનની જેમ સાચવી છે. એ એનાં મા-બાપની એકની એક એટલે ડગલેને પગલે લાડ-કોડ-સુખ-સાહ્યબી, રૂપિયા, ચટાકેદાર ખાણી-પીણી, હાયફાય કપડાં અને એય નવાં નવાં, એવું જ બધું મેં એને આપ્યું. એનાં ઘરમાં ભક્તિ પૂજાને કયાંય સ્થાન નહોતું. મારી જીંદગી જરા અલગ હતી. હું સાવ ભગતડો નહીં પણ પાંચ મિનિટ પાર્થના તો કરવી જોઈએ કે નહીં? મારા મમ્મી-પપ્પાએ મને પહેલેથી જ અલગ ઘર કરી આપેલું. શા માટે? તો અમારા સંસારમાં કોઈ બબાલ ન જોઈએ એટલે...'

હવે મારાં જ શહેરમાં રહેતાં મમ્મી-પપ્પાને મહિને ત્રણ-ચાર વાર મળવા જઈએ તો એમાં ખોટું શું? હોટલમાં જમવાની મજા હું સમજી શકું છું. પણ દર શનિ-રવિ? એકદમ પાક્કા નિયમની જેમ, અને એ પણ ચાઈનીઝ ચટાકા, શું કહેવું? ગ્રેજ્યુએટ થયેલી છે. સર્વીસ કરે છે. પણ આશ્ચર્ય લાગશે તમને વાત સાંભલીને કે એને વાંચનના 'વ'ની ખબર નથી. સવારે પેપર ભૂંગળું પણ કયારે ખોલવાની તસ્દી લીધી નથી. અત્યારે ગુજરાતના મુખ્યમંત્રી પૂછશો તોય લોચા લાગશે. આની સાથે કયા વિષયની વાતો કરવી? સંગીત કે પુસ્તક, પ્રવાસ કે રમત, કે આધ્યાત્મ કશાની ગતામગ નથી...

હરીફરીને બતાવતાં હિન્દી પિક્ચર ટીવીમાં જોતી બેસશે. અને જો ટાઈમ મળ્યો તો નિરર્થક શોપિંગ! એમાંય આઠસો-હજાર વાળાં પરફયુમ! શું વાત કરું... પચાસ હજારનો પગાર છે મારો એમાં પંદર હજાર તો લોનમાં જાય છે ફલેટનાં હપ્તામાં. બે જ જણ છીએ ઘરમાં, બચત તો જવા દો પણ કંઈ ફયુચર પ્લાનિંગ માટેની મેચ્યોરિટી તો જોઈએ ને? અને એક બીજી વાત...'

'હવે બીજું શું બાકી રહ્યું મને એમ કે પતી ગયું.?''

'ના, સતત પપ્પા-પપ્પા, મમ્મી-મમ્મી નો મંત્ર ચાલુ.'

'હં, એટલે?'

'હું સમજી શકું છું, કે એનાં માબાપની વ્હાલસોયી એકની એક દીકરી છે. એને એમની યાદ તો આવશે જ. પણ એ શું પિયરિયાપણું મારા પપ્પા! મારા પપ્પા! મારી મમ્મા! મારી મમ્મા! સાંભળીને હવે પાગલ થવાનો વારો આવ્યો છે. સિવાય પિયર જાય એટલે આઠ-આઠ દિવસ આવવાનું નામ જ ન લે. સારૂં, એના મમ્મી-પપ્પા પણ અમારાં કરતાં તું તારા સંસારમાં ધ્યાન રાખ એવું કહેતા નથી. મારા મમ્મી-પપ્પાને મારું દુ:ખ સમજાય છે. એ પણ દુ:ખી થઈને મને કહે છે, 'તારી પસંદગીથી નેટ પરથી શોધીને તે ઘરમાં બેસાડી છે તે તું જ સાચવ.'

વિનયના રૂપમા આવનારી પેઢીના સંસારનું મન ખિન્ન કરનારું (અપ)માનચિત્ર સમાજસેવિકા દેવીબેનનાં સામે હતું. એ મનમાં બોલ્યાં, પહેલાં સલાહ-સમજણ થતી, તુટેલા દોરાને ગાંઠ મારી સંસાર સાચવી લેવાતો. આજે આ 'નેટ' તોડીને ફરીં કયાં જાળામાં આજના યુવાનો ફસાશે? સતત જીવનસાથી બદલવાનો ખેલ આમને કયાં લઈ જશે? વિનયના કહેવા અનુસાર વિણા નજર સામે ફરતી હતી. પણ એ વિણાનું પણ વિનય માટે કશું કહેવું હશે ને?

એકબાજુ સંપૂર્ણ વિનાની નકારાત્મક વાતોથી વિનય ઉજળો દેખાતો હશે, પણ એ એવું જ હશે એની ખાત્રી કેમ કરી આપવી!! આ સંસારને તૂટતો જોઈ રહેલા વિનયના 'મમ્મી-પપ્પા' અને વિણાના 'મમ્મી-પપ્પા' અદપ-પલાંઠી મોં પર આંગળી રાખીને બેઠાં છે. એમની આ ઉદાસીનતાં નવા પ્રશ્નોને જન્મ આપે છે. જિંદગીનો તડકી-છાંયડી જોવાથી દૂર રહેલાં અને વરસાદની ભિનાશને ન સમજી શકનારી આ પેઢીને એમ જ હવામાં લટકાવી રાખીને પ્રશ્નોનું ગૂંચળું કેમનું છૂટું પડશે? એક ઘર-સંસાર તૂટવા જઈ રહ્યો છે, ૨૫ વર્ષની ઉંમરે છુટાછેડાની નોબતે આવી જવું એટલું સહેલું નથી. જેની ઊંઘ ઉડી જાય છે એવાને પૂછો તો ખબર પડે કે રાત કેટલી લાંબી હોય છે.

આ દેવીબેનની વ્યથા વિનય-વિણાના સારા-નરસાં ગુણ માટે નથી પણ ભારતીય કુટુંબ વ્યવસ્થા કઈ નવી અવસ્થા તરફ વળી રહી છે. એનો આત્મશોધ કરવા માટેની છે. વિનયની જગ્યાએ વિણા જો દેવીબેન સમક્ષ હાજર હોત તો એણે એની કહાની સંભળાવી હોત. અને તો કદાચ એણે આવું કીધું હોય...

'એક બે મહિના વિનયને સમજાવવવામાં ગયાં, પણ એ પાક્કો ભગવાનને શરણે છે. એની ભગવાનની શ્રધ્ધા મંદિરમાં જ ભરાઈ ગઈ છે. મને લાગે છે ભગવાન માત્ર પોથી કે જપ-મંત્રમાં નથી પણ સુંદર-સ્વચ્છ જીવવામાં છે. હું પણ દિવસમાં આઠ કલાક કૉલ સેન્ટરમાં એર કંડિશનરમાં પરસેવો વહાવું છું. પછી સેટરડે - સન્ડે હોટલ-શોપિંગ કર્યું તો શું ખોટું કર્યું?'

પણ આમની એક જ રટણ ચાલું 'આનો યુઝ શું...' આ લઈને શો ફાયદો?' અને વિનયને બે બહેનો છે. એ હરીફરીને મારા સાસુ સસરાને મળવા આવી જાય છે. એમનું કોઈ પણ વેકેશન એટલે પિયરની વાટે. એક મે મહિમામાં તો બીજી દિવાળીએ હાજર. નાતાલ કે ઉત્તરાયણ બસ આવી જ ચઢશે... પણ મારે ભાઈ-બહેન નથી મમ્મીને આર્થેટીકલ એટલે બહાર જઈ શકતી નથી. પપ્પાને હાઈ બી.પી! નોકર કેટલી સેવા કરે? જો હું એકાદ અઠવાડિયું રહું તો શું બગાડ્યું?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વિદ્યાર્થીઓ હવે ભાસ્કર સર અંગે ગંભીર બની તેમને માન, માન્યતા અને મહત્ત્વ આપવા લાગ્યા, પણ બીજા અધ્યાપકો તેમને પોતાના ગૃપથી અલગ માનતા હતા, શ્રેયા મેડમ જોડે ભાસ્કર સરનો પક્ષ લેતા તેથી અધ્યાપકો તેમને ભાસ્કર સરની પર્સનલ સેક્રેટરી કહી મજા લેતા

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

ભાસ્કર સરનાં લગ્નની વાતથી આખી કોલેજમાં આશ્ચર્ય ફેલાઇ ગયું.

જેમ કે તેમની ચાલથી સૌને આશ્ચર્ય થાય છે અને તેમનું સ્મિત પણ આશ્ચર્યજનક લાગે છે.

તેમનો જમણો પગ ડાબા પગ કરતાં પાંચ છ ઇંચ નાનો અને પાતળો છે. તે લંગડાઇને ચાલે છે. અધ્યાપકો બધા ટેન્શનમાં રહે છે. આ માણસ પોતાની શારીરિક ખામીને કારણે લઘુતા કેમ અનુભવતોન નથી? પોતાને પૂર્ણ અને સુખી સાબિત કરવા કેટલો હસતો રહે છે. હસતો ચહેરો રાખવાથી કંઇ ખામી ઢંકાઇ જાય ખરી? અને હવે લગ્ન... કોલેજ માટે આ ભાસ્કર સર એક કોયડો બની ગયા છે.

ભાસ્કર સરનું કોલેજમાં આ ત્રીજું વર્ષ છે. તેમાં વિદ્યાર્થીઓ એવું માનવા લાગ્યા છે કે તે જીવવિજ્ઞાન બહુ સારું ભણાવે છે. પણ શરૂઆતનાં વર્ષમાં અમુક તોફાની વિદ્યાર્થીઓએ તેમને ખચકાઇને ચાલતા જોઇ તેમનું નામ ભાસ્કર ઊંટ કરી દીધેલું. તે કોલેજ કેમ્પસમાં દાખલ થાય ત્યાં દૂરથી અવાજો સંભળાતા.

'ઊંટ આવે છે ઢેંચુ... ઢેંચુ...'

ભાસ્કર સર સાંભળતા અને આગળ નીકળી જતા. એકવાર કલાસરૂમમાં પિરીયડ લેવા આવ્યા ત્યારે જોયું તો બ્લેક બોર્ડ પર ઊંટ ચીતરેલું હતું અને તેના પેટ પર લખ્યું હતું ભાસ્કર ઊંટ. ઊંટ ચિતરેલું જોઇ એ એવી રીતે હસ્યા જાણે કે એમા અપમાન જેવું કંઇ હોય જ નહીં.

'આ પેઇન્ટીંગ બનાવનાર કોશીશ કરે તો સારો ચિત્રકાર બની શકે તેમ છે. રેખાંકન ખુબ સરસ અને સપ્રમાણ કર્યું છે. ખેર! આજે તમારે શું ભણવું છે? ઠીક છે ચાલો આજે આપણે ઊંટ વિષે જ વાત કરીએ.'

ભાસ્કર સરની સરળતા જોઇ કલાસમાં સન્નાટો છવાઇ ગયો. બીજે દિવસે શ્રેયા મેડમનો પિરીયડ હતો. તેમણે આવતાંવેત કડકાઇથી પુછપરછ કરી.

'કાલે બ્લેક બોર્ડ પર ઊંટનું પેઇન્ટીંગ કોણે ચીતરેલું? ભાસ્કર સર સારા છે. નહીંતર પ્રિન્સિપાલને કમ્પ્લેઇન કરત. એ ટોપર રહ્યા છે. આવું સરસ જુઓલોજી ભણાવે છે. વિષય પર તેમનો એવો કમાન્ડ છે કે જરૂર પડે ત્યારે હું પણ તેમને પુછતી હોઉં છું. પણ તમે લોકો તેમની યોગ્યતા નહીં ચાલને જૂઓ છો. ભણવા આવો છો કો પ્રોફેસરોની મજાક કરવા.'

કલાસમાં સન્નાટો છવાઇ ગયો. પિરીયડ પુરો થયો એટલે બધા વિદ્યાર્થીઓએ પેઇન્ટીંગ બનાવનાર સુજીત અને તેની ટોળકીના તોફાનીઓને ઘેર્યા.

સુજીત હવે બહુ થયું. ભાસ્કર સર ને ટાર્ગેટ બનાવવાનું બંધ કર. એ ખરેખર સારું ભણાવે છે.

સુજીત અકળાઇ ગયો. 'મેં કયાં કીધું કે સારું નથી, ભણાવતાં.'

'શ્રેયા મેમ સાચું કહે છે આપણે લોકો તેમની ચાલ પર ધ્યાન આપીએ છીએ. ભણવામાં આપતા નથી.'

સુજીતે સ્ટોરી બનાવી દીધી. 'મેમ સરની એટલી ફેવર શું કામ કરે છે?' કંઇ રંધાતું લાગે છે.'

'મેમ મેરીડ છે, સર કરતાં એજમાં મોટાં છે.'

હું કયાં કહુ છું કે સરની સાથે લગન કરશે. એન્જોય કરે છે.

વિદ્યાર્થીઓ હવે ભાસ્કર સર અંગે ગંભીર બની તેમને માન, માન્યતા અને મહત્ત્વ આપવા લાગ્યા. પણ બીજા અધ્યાપકો તેમને પોતાના ગૃપથી અલગ માનતા હતા. શ્રેયા મેડમ જોડે ભાસ્કર સરનો પક્ષ લેતા તેથી અધ્યાપકો તેમને ભાસ્કર સરની પર્સનલ સેક્રેટરી કહી મજા લેતા. ભાસ્કર સરની આટલી ફેવર કરે છે તો તેમની હિસ્ટ્રી પણ ખબર હશે જ, એક અધ્યાપકે તેમને આ વાત પુછી પણ લીધી.

'ભાસ્કરે પાંત્રીસ પુરા કર્યા છે, પણ હજું કુંવારા છે. મેડમ એમનો હિસ્ટ્રી શું છે?'

એક જ વિભાગમાં હોવાને કારણે ભાસ્કર સર અને શ્રેયા મેડમ વચ્ચે અમુક કૌટુંબિક વાતો પણ થતી. તેથી શ્રેયા મેડમે કહ્યું.

'સરના ફાધર નથી. મધર અને ત્રણ બહેનો છે. ઘરની જમીનદારીની જવાબદારી સર સંભાળે છે. સરે, ત્રણે બહેનોનાં લગ્ન કરાવ્યાં. કદાચ એ કારણે જ પોતાનો વિચાર હજુ સુધી કર્યો નહીં હોય.'

'વિચારય કર્યો નહીં હોય કે પછી કોઇ ડિસન્ટ પ્રપોઝલ નહીં આવી હોય? ફિઝિકલી ચેલેન્જડ... આય મીન પ્રોફેસર છે. સારું સ્ટેટસ છે તેથી જેવી તેવી છોકરી સાથે તો લગ્ન કરી ન શકે. તેથી અત્યાર સુધી અનવેડ...'

પરંતુ ભાસ્કર સરનાં લગ્નથી કોલેજમાં સૌને આશ્ચર્ય થયું છે.

ભાસ્કર સર શ્રેયા મેમને સેલફોન પર જણાવ્યું.

'મેડમ મારાં લગ્ન થઇ ગયા. અભિનંદન આપો.'

'શ્રેયા મેડમ ચોંકી ગયા અને નારાજ થયાં,' તો એટલા માટે આટલી લાંબી રજા લીધેલ ખરું? અમને લોકોને કેમ ન બોલાવ્યાં?

મારું ગામ મગોડી ખુબ ઇન્ટીરીયર છે. તેમાં રસ્તાના કે વિજળીના ઠેકાણાં નથી. તેથી મગોડી બોલાવીને હું તમને હેરાનગતિ કરાવવા નહોતો માંગતો.

'બહાનું કાઢ્યું ને?'

'માનો ને મારી વાત.'

'લગ્નમાં પાર્ટી આપવી ન પડે એટલે તમે મગોડી જઇ છાનામાના લગન કરી લીધા.'

'ના, એવું નથી. પાર્ટી તો આપવાની જ છે.'

'કોલેજમાં જાણ કરી દઉં કે પછી તમારા ગાંધર્વ લગ્નને ગુપ્ત રાખું?'

'ગાંધર્વ લગ્ન... ના... ના... મેડમ એવું નથી. લગ્ન મમ્મીની સંમતિથી કર્યા છે અને ધામધુમથી કર્યા છે. હાં, બધાંને જાણ કરવી હોય તો કરી દો.'

આ સાંભળી આચાર્ય પણ ચોંકી ઊઠ્યા અને ચકીત થઇ ગયા.

'તો મેડમ મગોડી નરેશ ઘોડે ચડ્યા ખરૂંને!'

'હાં'

'ખબરેય ન પડવા લીધી.'

'લગ્ન મગોડીમાં થયાં છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રેમમાં ત્યાગ, વિરક્તિ અને હાફ ગર્લફ્રેન્ડ

**ગુલમહોર**
**- દિનેશ દેસાઈ**

ઑશોએ કહ્યું છે કે "પ્રકૃતિ પાસે આપણે ઘણું શીખવાનું છે. રોજ સૂર્યોદય થાય છે અને સૂર્યાસ્ત થાય છે. શું તમે કદી કોઈ દિવસ ખાસ સમય ફાળવીને આ દશ્ય જોવા જાવ છો? પ્રકૃતિનો રંગ દરેક ક્ષણે નવો હોય છે. પ્રકૃતિ જ આપણને શીખવે છે કે નજીકનો ભૂતકાળ, વીતી ગયેલી ક્ષણ છોડીને આગળ વધો. નવીનતામાં અને ભવિષ્યમાં પ્રવેશ કરો. એ સાથે વર્તમાનને મન ભરીને માણો."

ઘણા લોકો વાતવાતમાં એવું કહેતા હોય છે કે "કાલે કરીશું..." અથવા "હમણા શું ઉતાવળ છે? પછી કરીશું..." એવા લોકોની "આવતીકાલ" ક્યારેય આવતી જ નથી. જાણીતા વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને એક વાર કહ્યું હતું કે "માણસ યા તો ભૂતકાળમાં જીવે છે અથવા ભવિષ્યમાં રાચે છે, આથી તે વર્તમાનકાળ ગુમાવી બેસે છે."

આપણે ભલે દેખીતી રીતે વર્તમાનમાં જીવતા હોઈએ, પરંતુ ભૂતકાળની યાદો આપણો કદાચ પીછો છોડતી નથી. એવું પણ બનતું હોય છે કે આપણે ભવિષ્યનાં સોનરી સપનાઓ આંખોમાં આંજીને જીવતા રહીએ છીએ. જેથી વર્તમાનકાળ દેખાતો નથી. પ્રેમમાં ત્યાગ અને વિરક્તિની વાત પણ કરીએ. પ્રેમનું બીજું નામ છે, સમર્પણ. જો તમારામાં સમર્પણભાવ જ નથી તો પ્રેમ પણ નથી.

સમર્પણની હાજરી વિના પ્રેમ રહી શકતો નથી. સમર્પણની ગેરહાજરીમાં પ્રેમ ઝાકળ બનીને ઊડી જાય છે. સમર્પણ સાથે ત્યાગનો પણ સંબંધ છે. "લેટ ગૉ..." અને "લેટ ઈટ ગૉ..."ની ભાવનામાં ત્યાગ અને સમર્પણ આવી જાય છે. જતું કરવાની ભાવના. "ફરગિવનેસ..." આપણા પ્રિયજનને માફ કરી દેવાની આપણી તૈયારી અને ક્ષમતા જ આપણને અન્ય વ્યક્તિ કરતાં મહાન બનાવે છે. તમારી કોઈ ભુલ થઈ હોય અને તમારા પ્રિયજન એવી ભુલને ભુલી જઈને "લેટ ગૉ..." કરે એ સાથે જ સંબંધ આપોઆપ વધુ ટકાઉ અને મજબુત બની જાય છે. જો આપણી પાસે "લેટ ગૉ" અને "લેટ ઈટ ગૉ..." યા "ફરગિવનેસ..."નો ઍડહેસિવ ના હોય તો સંબંધ કાચના વાસણની જેમ ગમે ત્યારે તૂટી જાય એવા તકલાદી બની જાય છે.

**આપણી આસપાસ એવાં ઘણાં પાત્રો આપણને જોવા મળે, ઘણા લોકો આપણા જીવનની નજીકથી પસાર થઈ ગયાં હોય અથવા પસાર થઈ રહ્યાં હોય કે જે લોકો આપણી સાથે મિત્ર હોય કે પ્રિયજન, પૂરેપૂરા એકાત્મ કે આત્મીયતાથી જોડાતા જ નથી, એવા અધુરા સંબંધને શું કહીશું?**

પ્રેમ અને હાફ ગર્લફ્રેન્ડની વાત પણ કરીએ. ઑકટોબર-૨૦૧૪ના આરંભે જાણીતા નૉવેલિસ્ટ ચેતન ભગતની નવી નૉવેલ "હાફ ગર્લફ્રેન્ડ" રીલિઝ થાય છે, ત્યારે "પ્રિયજનની બાબતમાં હાફ અને ફૂલ જેવું કશું હોઈ શકે?" એ સવાલ થવો જ જોઈએ. આ નૉવેલ ગ્રામીણ અને શહેરી એમ બે સમાજ, શહેર અને ગામ એમ બે પ્રદેશ તથા બે અલગ અલગ જાતિના યુવાન-યુવતીની વાત કરે છે.

પ્રેમ તો હંમેશા જોડવાનું કામ કરે છે. પ્રેમ હકારાત્મક ઊર્જા છે. પ્રેમમાં નકારાત્મકતાને સ્થાન ન હોઈ શકે. પ્રેમમાં સંપૂર્ણતાનો મહિમા હોય છે. પ્રેમમાં દરેક પરિસ્થિતિઓનું સ્વાગત જ હોય. કારણ કે પરિસ્થિતિઓ ઉપર આપણો કોઈ કાબુ ન હોઈ શકે. સમય પાસે આપણે આપણું ધાર્યું કરાવી શકતા નથી. સમય સતત બદલાતો રહે છે આથી કોઈ એક પરિસ્થિતિ પણ કાયમ એક સરખી કે સ્થિર રહી શકે નહીં.

"હાફ ગર્લફ્રેન્ડ"નો કથાનાયક માધવ બિહારનો યુવાન છે. કથાનાયિકા રિયા રાજધાની નવી દિલ્હીની સડસડાટ અંગ્રેજીમાં વાત કરતી આધુનિક યુવતી છે. રિયાના સંપર્કમાં આવ્યા બાદ માધવ તેને ચાહવા લાગે છે. પરંતુ તે અંગ્રેજીમાં સારી રીતે વાતચીત કરી શકતો નથી. માધવ રિલેશનશીપ માટે આગ્રહ કરે છે પણ રિયા ચોખ્ખી ના પાડી દે છે. રિયા એમ કહે છે કે તે માત્ર ફ્રેન્ડશીપ રાખવા જ માગે છે. જ્યારે માધવ ફક્ત ફ્રેન્ડશીપ રાખવા તૈયાર નથી. રિયા માધવને કૉમ્પ્રોમાઈઝ કરવા માટે સમજાવે છે. આખરે રિયા માધવની "હાફ ગર્લફ્રેન્ડ" બનવા સંમત થઈ જાય છે.

હાફ ગર્લફ્રેન્ડ એટલે શું? "હાફ ફ્રેન્ડશીપ ઍન્ડ હાફ રિલેશનશીપ?" અથવા "ફ્રેન્ડશીપ સિવાયની રિલેશનશીપ?" અથવા "રિલેશનશીપ સિવાયની ફ્રેન્ડશીપ?" અથવા બીજું કશુંક? એ તો નૉવેલ વાંચો તો જ ખબર પડે. આપણી આસપાસ એવાં ઘણાં પાત્રો આપણને જોવા મળે, ઘણા લોકો આપણા જીવનની નજીકથી પસાર થઈ ગયાં હોય અથવા પસાર થઈ રહ્યાં હોય કે જે લોકો આપણી સાથે મિત્ર હોય કે પ્રિયજન, પૂરેપૂરા એકાત્મ કે આત્મીયતાથી જોડાતા જ નથી. એવા અધુરા સંબંધને શું કહીશું? "હાફ રિલેશન..." એવા લોકો પૂરેપૂરા મિત્ર પણ બની શકતા નથી તો પૂરેપૂરા પ્રિયજન પણ બની શકતા નથી.

ચેતન ભગતનું કહેવું છે કે "પ્રેમમાં તમારે કશું છુપાવવા જેવું ન હોય અને કશું રહસ્ય પણ ન જ હોય. જ્યારે તમારા અને તમારા પ્રિયજન વચ્ચે કશુંક છુપાવવા જેવો અદશ્ય પરદો આવી જાય તો સમજી જવું કે સંબંધ તકલાદી છે."

જ્યારે બે વ્યક્તિ વચ્ચે આદાનપ્રદાનનો સેતુ ડગમગે તો સમજવું કે સંબંધનો સેતુ તૂટવાની અણી ઉપર છે. સંબંધની ખેતીમાં વિશ્વાસ અને શ્રદ્ધાનું ખાતર ખુટે તો પાક ક્યાંથી મળે? સંબંધમાં સત્યનું

ભારોભાર મહત્વ છે. જ્યારે તમારે તમારા પ્રિયજનથી કોઈક વાત છુપાવવી પડતી હોય અથવા કોઈ વાતે અસત્ય બોલવું પડતું હોય તો એવા આર્ટિફિસિયલ યા કૃત્રિમ સંબંધનો કોઈ અર્થ નથી.

**સ્ટોપર :** "સત્ય ત્રણ પ્રકારનું હોય છે, તમે કહો છો એ સત્ય, સામેની વ્યક્તિનું સત્ય અને ખરેખરું સત્ય."

**— મહાત્મા ગાંધી**